# હિસાબ નિયામકશ્રીની કચેરી

**વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીની શાખા**

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**ખર્ચ અને આવકવેરાની સઘળી પ્રક્રિયાઓનું ડિઝીટલાઈઝેશન કરવા બાબત.**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીમાં તા.૦૧-૦૪-૨૦૨૩ થી URP સોફ્ટવેરમાં Financial Accounting Module ની અમલવારી કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીની વિવિધ પ્રકારની ખરીદી/આવકોનાં તમામ વાઉચર્સ/ચલણ સહિતનાં ખરીદી અને આવક જમા લેવાની સઘળી પ્રક્રિયાનાં આધાર-પુરાવાઓ ડિઝીટલ સ્વરૂપે સાચવવાનો, પાસીંગ પ્રક્રિયા ઝડપી બનાવવાનો તેમજ Online ઓડીટ કાર્યવાહી કરાવી શકાય તે અર્થે હતો. જે સંદર્ભે અત્રેથી દરેક યુનિટ/સબ યુનિટને હાઈ સ્પીડ સ્કેનરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. તેમછતાં ઉક્ત ઉદ્દેશ્ય પરિપૂર્ણ થતો ન હોય તેવું ધ્યાને આવેલ છે તેમજ ખરીદી અને આવકની સઘળી પ્રક્રિયાનાં સંપૂર્ણ આધારો Scan કરી Online URP Software નાં Financial Accounting Module માં અપલોડ ન હોવાનાં કારણે અત્રેની તિજોરી વિભાગમાં આવા વાઉચરો અને ચલણોની ચકાસણી/પાસીંગ કરતી વખતે વાંધાઓ આપવા બાબતનાં પ્રશ્નો ઉપસ્થિત થતા જોવા મળેલ છે. જેનાં કારણે આવા વાઉચર્સ અને ચકાસણીની પાસીંગ પ્રક્રિયા ધીમી થતી હોય તેવું ધ્યાને આવેલ છે. **જેથી સર્વેને જણાવવાનું કે આજદિનથી અત્રેની તિજોરી શાખામાં પાસીંગ અર્થે રજુ કરવામાં આવતા ખરીદી અને આવકનાં વાઉચર્સ/ચલણોની Online Entry સાથે સઘળી ખરીદી/આવક જમા લેવાની પ્રક્રિયાનાં આધારો ફરજીયાત અપલોડ કરવાનાં રહેશે**. આધારો અપલોડ ન થવાથી તિજોરી શાખા માંથી વાંધાઓ આપવાની જરૂરિયાત ઉપસ્થિત થશે, જેના કારણે પાસીંગ પ્રોસેસમાં વિલંબ થશે તો તેની કોઈ જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ. જેની ખાસ નોંધ લેવી.

**હિસાબ નિયામક**

જા.નં.નકૃયુ/હિનિ/વવહિઅધિ/**૩૨૬૫**/૨૦૨૪

નવસારી. તારીખ:- ૦૯.૧૧.૨૦૨૪

**નકલ સવિનય રવાના:- (e-પરિપત્ર દ્વારા)**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

૩. તમામ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી થવા સારૂ.

૪. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ થવા સારૂ.

**નકલ રવાના:- (e-પરિપત્ર દ્વારા)**

૧: વહિવટી-વ-હિસાબી અધિકારી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તથા અમલવારી થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.